
# ગાંધીનગરનું નવું નજરાણું - રી-ડેવલપ કેપીટલ રેલવે સ્ટેશન











ગાંધીનગરના આકર્ષણોમાં વધુ એક નવલુ નજરાણુ ઉમેરાવા જઈ રહ્યું છે. વર્ષો સુધી અવાવરૂ રહેલા ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશન પર જાણે જાદુઈ છડી ફરી ગઈ હોય તેમ તે એકદમ આધુનિક અને સુવિધાસભર બની ગયુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા તે સમયે તેઓએ ગુજરાતને દેશના સૌથી વિકસિત રાજ્ય તરીકે આગળ વધારવાનો સંકલ્પ કરી 'મહાત્મા મંદિર'નું નિર્માણ કરાવ્યુ હતુ. મહાત્મા મંદિર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિત સહિતની અનેકવિધ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બિઝનેસ સમિટ, કોન્ફરન્સ અને પ્રદર્શનોનું સાક્ષી રહ્યુ છે. આ મહાત્મા મંદિર સમગ્ર દેશ સાથે જોડાય તે માટે કેપિટલ રેલવે સ્ટેશનનુ નવ નિર્માણ શરૂ કરાયુ હતુ. રેલવે સ્ટેશનના નવ નિર્માણની સાથે જ તેની ઉપર ૩૧૮ જેટલા રૂમ ધરાવતી વિશાળ પંચતારક હોટલનું નિર્માણ કરાયુ છે. મહાત્મા મંદિરમાં યોજાતી વિવિધ બિઝનેસ મીટમાં ભાગ લેવા આવતા મહાનુભાવો અને પ્રતિનિધિઓને રહેઠાણની શ્રેષ્ઠ સગવડો પુરી પાડતી આ પંચતારક હોટલ અને કેપીટલ રેલવે સ્ટેશન ખરાં અર્થમાં બેજોડ બની રહ્યુ છે. દિવ્યાંગો માટે સંપુર્ણ સાનુકૂળ હોય તેવા આ રેલવે સ્ટેશન ખાતે વિશાળ પ્રતિક્ષા ખંડ, સેન્ટ્રલી એસી મલ્ટીપર્પસ હોલ, બેબી ફીડીંગ રૂમ, પ્રાર્થના ખંડ, પ્રાથમિક સારવાર ખંડ અને વિશાળ આર્ટગેલેરી આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આજે શુક્રવારે સાંજે ૪ કલાકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી રી-ડેવલપ કેપિટલ રેલવે સ્ટેશનનું અને પંચતારક હોટલનું તથા ગાંધીનગર - વારાણસી અને ગાંધીનગર - વરેઠા ટ્રેનનો શુભારંભ કરાવશે.

# ગાંધીનગર સ્ટેશનના વિકાસને આવકાર : વાયા દોડતી ૩૬ ટ્રેઈન ફાળવો

**શહેર વસાહત મહામંડળે અત્યાર સુધી સ્ટેશનના વિકાસ અને ટ્રેઇન સેવા માટે રેલવે વિભાગને ૮ હજાર પત્રો લખ્યા છે : સ્ટેશન વિકાસમાં શહેર વસાહત મહામંડળનુ નોંધપાત્ર યોગદાન**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર સ્ટેશનના વિકાસ અને નવી ટ્રેઈનને આવકારતા શહેર વસાહત મહામંડળે વાયા ખોડિયાર કલોલ દોડતી ૩૬ જેટલી ટ્રેઈન ગાંધીનગરના પોકેટમાં આવે તેવી લાગણી અને માંગણી રજુ કરી છે. શહેર વસાહત મહામંડળે અત્યાર સુધી કેપિટલ સ્ટેશનના વિકાસ અને ટ્રેઈન સેવા માટે રેલવેતંત્રને ૮ હજાર જેટલા પત્રો લખ્યા છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ તબક્કે રજુઆતમાં જણાંવ્યા મુજબ રેલવે સ્ટેશનના નવિનીકરણ બાદ લોકાર્પણ પ્રસંગે મહામંડળના એક પણ પદાધિકારીને આમંત્રણ આપવામાં આવ્યુ નથી પરંતુ સંસ્થા્ આ વિકાસ કામોને આવકારે છે. શહેર વસાહત મહામંડળ દ્વારા કેપિટલ સ્ટેશનના વિકાસ માટે સતત રજુઆતો કરવામાં આવી છે. અત્યાર સુધી મહામંડળે રેલવે વિભાગને ૮ હજાર જેટલા પત્રો લખી અને બેઠકો કરી સતત રેલવે સ્ટેશનના વિકાસ તેમજ ટ્રેઈન સુવિધાઓ વધારવા માટે રજુઆતો કરી છે. વર્ષ ૧૯૭૨ માં રેલવે લાઈન નાંખવાની શરૂઆત થઈ ત્યાર પહેલાથી સતત રેલવે અંગે રજુઆતો સંસ્થા દ્વારા કરવામાં આવી છે. ગાંધીનગર સ્ટેશન પર પ્રથમ પેસેન્જર ટ્રેઈન ૧૬ માર્ચ વર્ષ ૧૯૭૯ ના રોજ ગાંધીનગર અમદાવાદ ગાંધીનગર શરૂ કરવામાં આવી હતી. ફેબ્રુઆરી ૧૯૭૬ માં પાવર સ્ટેશન માટે કોલસો લાવવા માટે પણ ટ્રેઈન દોડતી હતી. ૧૧ ઓકટોબર વર્ષ ૨૦૦૨ માં સ્ટેશનનુ આધુનિકરણ થયુ હતુ. જેની પાછળ રૂ ૫૧. ૨૪ કરોડનો ખર્ચ કરાયો હતો. જયારે તા ૧ જુલાઈ વર્ષ ૨૦૦૧ થી ઈન્દોર માટે શાંતિ એકપ્રેસ ટ્રેઈન શરૂ કરાઈ હતી. જયારે ૧૪ મેં વર્ષ ૨૦૦૩ ના રોજ ગાંધીનગર દિલ્હીનુ જોડાણ પણ કેપિટલ સ્ટેશનને મળ્યુ હતુ. આ ઉપરાં ગાંધીનગર મોટીઆદરજ, પેથાપુર, કોલવડા થી પણ જોડાણ મળ્યુ ૭ કી મી ની નવી લાઈન અને ૬ કી મી નુ રૂપાંતર કરીને કલોલ સાથે પણ જોડાણ થયુ હતુ. જેને ૧૨ જુલાઈ વર્ષ ૨૦૦૭ ના રોજ રેલવે સેફટી કમિશ્નરે પણ મજુરી આપી હતી. ગાંધીનગર કલોલ રેલવે લાઈન ખુલ્લી મુકાઈ. જયારે તા ૨૮ નવેમ્બર વર્ષ ૨૦૦૭ ના રોજ પેસેન્જર ટ્રેઈનને ૭૫ થી ૧૦૦ કીમી ની ઝડપે દોડાવાની મંજુરી મળી હતી. તા ૧૮ ફેબ્રુઆરી વર્ષ ૨૦૦૮ ના રોજ દિલ્હી મેઈલનુ આગમન થયુ જેનુ મહામંડળ દ્વારા સ્વાગત કરાયુ હતુ. જયારે ૧ જુલાઈ વર્ષ ૨૦૦૮ માં ગાંધીનગર વડોદરા મેમુ શરૂ કરવામાં આવી આ ઉપરાંત આ દિવસે જ ગરીબ રથ પણ શરૂ થતા કેપિટલ સ્ટેશનનુ જોડાણ મુંબઈ

● અનુસંધાન પાન-૬ પર

## સ્ટેશનનો ઈતિહાસ દર્શાવવા માટે રેલવે તંત્ર મંજુરી આપે

ગાંધીનગર કેપિટલ સ્ટેશનને નવા રૂપરંગ આપવામાં આવ્યા છે. સ્ટેશનના નવિનીકરણ પાછળ તોતિંગ ખર્ચ કરાયો છે. ત્યારે સ્ટેશનના ઈતિહાસને તાદ્રશ્ય કરવા માટે પણ આયોજન થવુ જોઈએ. સ્ટેશનના ઈતિહાસની સઘળી વિગત શહેર વસાહત મહામંડળ પાસે છે. અત્યાર સુધી સ્ટેશન વિકાસ માટે ૮ હજારથી વધુ પત્રો લખી ટ્રેક પર કામ કરતા મજુરોને પણ પગરખા પહેરાવાનુ ઉમદા કામ મહામંડળે કર્યુ છે. કેપિટલ સ્ટેશનના વિકાસમાં શહેર વસાહત મહામંડળનુ મહત્વનુ યોગદાન છે. ત્યારે સંસ્થા દ્વારા સ્ટેશનના ઈતિહાસને દર્શાવવા માટે રેલવે તંત્ર મંજુરી આપે તેવી પણ અપેક્ષા સેવાઈ રહી છે.

# તાલુકા પંચાયતની કચેરી માટે સરકાર જમીન ફાળવે : સામાન્ય સભા



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકા પંચાયતની કચેરી માટે અલગથી જમીન ફાળવણી કરવાની માંગ કરતો એક પ્રસ્તાવ આજે તાલુકા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખસ્થાનેથી રજુ થયો હતો જેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર તાલુકા પંચાયતની કચેરી માટે જમીનની માંગણી કરતો પ્રસ્તાવ બીજીવાર સામાન્ય સભાએ પસાર કર્યો છે જે નોંધનીય છે.

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરની અધ્યક્ષતામાં આજે તાલુકા પંચાયતની સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે બેઠક મળી હતી.

આજે મળેલ સામાન્ય સભામાં એજન્ડા પરના કામો સર્વાનુમતે મંજૂર થયા હતા. સામાજિક ન્યાય સમિતિની ખાલી પડેલી એક બેઠક પર ભોંયણ રાઠોડના અશ્વિનભાઈ આર. પરમારની નિયુક્તી કરવામાં આવી છે.

આજની બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી માટે નવી ગાડીની દરખાસ્ત પણ પ્રમુખસ્થાનેથી રજુ થઈ હતી. આ ગાડી ૧૨ વર્ષ કરતાં પણ વધુ જૂની છે અને બે લાખ ૮૦ હજાર કિ.મી. ફરી ચુકી હોવાથી તેને કન્ડમ કરી અને નવી ગાડી ખરીદવા માટેની દરખાસ્ત પણ સામાન્ય સભાએ મંજૂરી કરી હતી.

આજની આ બેઠકમાં રાજ્ય સરકારે અમલી બનાવેલ માદરે વતન યોજના અંગે પણ વિસ્તૃત ચર્ચાઓ કરાઈ હતી. તાલુકા વિકાસ અધિકારીએ આ યોજનાથી સભ્યોને સમજૂત કર્યા હતા. આ યોજનાથી વિકાસના કામોને નવો વેગ મળશે તેમ પણ તેમણે સભ્યોને જણાવ્યુ હતુ.

આ બેઠકમાં તાલુકા પંચાયતનું ફર્નીચર પણ જે જુનુ અને જર્જરિત થઈ ગયુ છે તેના સ્થાને નવુ ખરીદવા માટેની દરખાસ્ત પણ જે પ્રમુખ સ્થાનેથી રજુ થઈ હતી જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

# ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ પાંચ વર્ષથી ફાઈલોમાં ગોથે ચઢ્યો

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરનો ટાઉનહોલ મરણપથારીએ પડયો છે. વિકાસના વંટોળ વચ્ચે ટાઉનહોલના રીનોવેશનનો રીનોવેશનનો પ્રોજેકટ છેલ્લા પાંચ વર્ષથી કાગળ પર ગોથા ખાય છે. ટાઉનહોલના રીનોવેશન માટે વર્ષ ૨૦૧૭ માં કાર્યયોજના તૈયાર કરાઈ હતી. ત્યારબાદ

**ટાઉનહોલના રીનોવેશન માટે રૂ ૧૮ કરોડના ખર્ચને મંજુરી છતા હજુ કામ શરૂ થયુ નથી : ટેન્ડર પણ છેલ્લા બે મહીનાથી મંજુરીની વાટે : છેલ્લા બે વર્ષથી ટાઉનહોલ ક્વોરન્ટાઇન હાલતમાં**

પ્રોજેકટ પણ છેલ્લા પાંચ વર્ષથી કાગળ પર ગોથે ચઢયો છે. આખરે ટાઉનહોલના રીનોવેશન માટે રૂ ૧૮ કરોડનો ખર્ચ મંજુર કરાયા બાદ હજુ આ કાર્યયોજના ટેન્ડર મંજુરીના અભાવે અટવાયેલી છે. છેલ્લા બે વર્ષથી ટાઉનહોલને તાળા વાગેલા છે. આ સ્થિતિ વચ્ચે હોલના રીનોવેશનની કાર્યયોજના પણ હજુ વહીવટી પ્રક્રીયામાંથી બહાર આવી નથી. ટાઉનહોલના રીનોવેશનની મંજુરી મળી ગઈ હોવાછતા બિલ્ડીંગ બે વર્ષથી ક્વોરન્ટાઈન હાલતમાં છે.

ગાંધીનગરના ટાઉનહોલના ટાઈનહોલની કાયાપલટ કરવા માટે જુદી જુદી પેટર્ન પર ડીઝાઈ તૈયાર કરવામાં આવી હતી. પરંતુ એક યા બીજી રીતે રીનોવેશનની યોજના આખરી થઈ ન હતી. ટાઉનહોલને મરણપથારીએથી બેઠો કરવા માટે બજેટમાં પણ ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આખરે ટાઉનહોલના રીનોવેશન માટે રૂ ૧૮ કરોડનો ખર્ચ કરવાની મંજુરી પણ આપી દેવામાં આવી છે. પરંતુ આ સઘળી પ્રક્રીયાના અંતે હજુ ટાઉનહોલ રીનોવેશનની વાટે છે. એક જમાનામાં કલાકારોને સ્ટેજ પુરુ પાડતા અને નગરના કલારસિકો માટે હોટ ફેવરિટ બનેલા



ટાઉનહોલની દશા વર્ષ ૨૦૧૯માં એટલી હદે ખરાબ થઈ ગઈ કે વિભાગ દ્વારા હોલ ભાડે આપવાનુ પણ બંધ કરી દેવામાં આવ્યુ . ટાઉનહોલમાં કાર્યક્રમ દરમિયાન ઉંદર બિલાડીઓ આંટા મારતા હોવાની સાથે છતમાંથી પોપડા ખરવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા ખંડેર હોલ બંધ કરી રીનોવેશનની યોજના તરફ તંત્રની નજર મંડરાઈ હતી ચાલુ કાર્યક્રમ દરમિયાન સ્ટેજ પર લાઈટ પડતા કલાકારોને ઈજા થઈ હોવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા હતા. જેના અંતે છેલ્લા બે વર્ષથી ટાઉનહોલ જોખમી હોવાથી બિનઉપયોગી હાલતમાં છે. જયારે કોવિડના સમયગાળા દરમિયાન પણ રીનોવેશનની યોજના આગળ ધપી શકી નથી. નાંણાકીય જોગવાઈના અંતે પણ પાંચ વર્ષથી ટાઉનહોલના રીનોવેશનની યોજના કાગળ પર લટકતી જોવા મળે છે. કોવિડના કપરા કાળમાં હાલ આમપણ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન શકય નથી પરંતુ રીનોવેશન પણ હાથ ન

● અનુસંધાન પાન-૬ પર



કોરોનાની બીજી લહેર શમતા આખરે ઓફલાઈન શિક્ષણ શરૂ થયુ છે. પ્રારંભિક તબક્કે કોલેજો, પોલીટેકનિક અને ધો. ૧૨ના વર્ગો શરૂ કરાયા છે. કોલેજો અને શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા પહોંચ્યા હતા. ઘણા દિવસો સુધી ઘરમાં પુરાઈ રહેલા વિદ્યાર્થીઓ શૈક્ષણિક સંસ્થાઓમાં પહોંચી આનંદિત બની ઉઠ્યા હતા.

## સતત ત્રીજા દિવસે કોરોનાનો એક પણ કેસ જિલ્લામાં નથી નોંધાયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે સતત ત્રીજે દિવસે પણ કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી.

૧૦મી જુલાઈ પછી ચોથીવાર શહેર જિલ્લામાં કેસ નહિ નોંધાયો હોવાની ઘટનાથી તંત્રમાં પણ ખુશીની લ્હેર જોવા મળી રહી છે. જિલ્લામાં ૫૬ જેટલા કેસો એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગાંધીનગર સિવિલમાં પણ હવે કોરોનાના માત્ર ૪ જ દર્દી સારવાર હેઠળ છે. આમ હવે આ પરિસ્થિતિ ચાલુ રહી તો જિલ્લો આગામી સપ્તાહે કોરોનામુક્ત જાહેર કરવામાં આવશે.

જિલ્લામાં જે દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે તે હોમ આઈસોલેશનમાં છે તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ કરવા માટેની પણ સૂચનાઓ આપી છે.

જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ ૯૮ ટકાને પાર કરી ગયો છે. તંત્રએ હવે તેનુ ધ્યાન વેક્સિનેશન અભિયાન પર કેન્દ્રીત કર્યુ છે. જિલ્લામાં સાડા સાત લાખથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.



કોરોના કાળમાં બોર્ડના રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવાયુ છે. જયારે ધો -૧૦ અને ૧૨ ના રીપીટર વિદ્યાર્થીઓ માટે આજથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થયો હતો ધો -૧૦માં આજે કોમ્પ્યુટર વિષયની પરીક્ષા હતી જયારે આ દરમિયાન નગરની ગુરુકુલ સ્કુલમાં કોઈ ટીખળખોરે વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા અન્ય સ્કુલમાં હોય તેવી સુચના લગાવી દેતા વિદ્યાર્થીઓએ રઝળપાટ કરવાનો વારો આવ્યો હતો. જો કે જિલ્લા શિક્ષણાધિકારીના જણાંવ્યા મુજબ આ મામલે કોઈ વિદ્યાર્થીઓને પરેશાની વેઠવી પડી નથી તમામ વિદ્યાર્થીઓને સમયસર શાળામાં પ્રવેશ આપી દેવાયો છે. બોર્ડની પરીક્ષાનો પ્રારંભે વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાયા હતા અને શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષાની શરૂઆત થઈ હતી.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com